# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

सा विद्या या विमुक्तये

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૧

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

સૌજન્ય સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી

## સ્તોત્ર–અર્થ રહસ્ય

### નમિઊણ સ્તવ

**નમિઊણપણય સુરગણ, ચુડામણિ કિરણરંજિઅં મુણિણો;**
**ચલણ જુઅલં મહાભય-પણ+ાસણં સંથવં વુચ્છં....૧**
**સડિય કરચરણ નહમુહ, નિવુડ્ડનાસાવિવન્નલાયન્ના;**
**કુટ્ઠમહારોગાનલ, ફુલિંગ નિદ્દઢ્ઢસવ્વંગા...૨**
**તે તુહ ચલણારાહણ, સલિલંજલિ સેય વુઢ્ઢિ ઉચ્છાહા;**
**વણદવદઢ્ઢા ગિરિપા-યવવ્વ પત્તા પુણોવિ લચ્છિં...૩**

**શબ્દાર્થ :-**

**નમિઊણ**-નમસ્કાર કરીને
**પણય**-નમસ્કાર કરતા
**સુરગણ**-દેવતાના ગણના
**ચુડામણિકિરણ**-મુગટમણિનાં કિરણોથી
**રંજિઅં**-રંગાયેલું
**મુણિણો**-પાર્શ્વનાથ ભગવાનનું
**ચલણજુઅલં**-ચરણનું યુગલ
**મહાભય**-મોટા ભયને
**પણાસણં**-નાશ કરનારું
**સંથવં**-સ્તવન
**વુચ્છં**- હું કહીશ
**સડિય**-સડી ગયેલા
**કરચરણ**-હાથ પગ
**નહમુહ**-નખ, મુખ
**નિવુડ્ડનાસા**-જેમનાં નાક બેસી ગયાં છે
**વિવન્ન**-નાશ પામ્યો છે
**લાયન્ના**-જેમનું લાવણ્ય
**કુઠ્ઠ**- કોઢના
**મહારોગાનલ**-મોટા રોગરૂપી
**ફુલિંગ**-તણખાથી
**નિદ્દઢ્ઢસવ્વંગા**-જેમનાં સર્વ અંગ બળી ગયા છે.
**તે**- તેઓ
**તુહ**-તમારા
**ચરણારાહણ**- ચરણના આરાધન સંબંધી
**સલિલંજલિ**-જળની અંજલિના
**સેય**-સિંચનથી
**વુઢ્ઢિઉચ્છાહા**-જેમનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો છે.
**વણદવ**-વનના દાવાનળથી
**દઢ્ઢા**-દગ્ધ થયેલા
**ગિરિપાયવ**-પર્વતનાં વૃક્ષો
**વ્વ**-જેમ
**પત્તા**-પ્રાપ્ત થયા છે
**પુણોવિ**-ફરીથી પણ
**લચ્છિં**-લક્ષ્મીને

**ગાથાર્થ :-**નમસ્કાર કરતા દેવતાઓના સમૂહના મુગટમણિનાં કિરણોથી રંગાયેલા અને મોટા ભયનો નાશ કરનારા શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચરણના યુગલને નમસ્કાર કરીને, આ સંસ્તવને હું કહીશ....૧

જેમનાં હાથ, પગ, નખ અને મુખ સડી ગયાં છે, જેમનાં નાક ચીપટાં થઇ ગયાં છે, જેમનું લાવણ્ય વિનાશ પામી ગયું છે અને જેમનાં બધાં અંગ કોઢના મોટા રોગ રૂપ અગ્નિના તણખાથી બળી ગયેલાં છે, એવા લોકો તમારાં ચરણના આરાધનારૂપ જળની અંજલિના સિંચનથી જેમનાં ઉત્સાહ / શોભા વૃદ્ધિ પામેલાં છે, એવાં તેઓ વનના દાવાનળથી બળી ગયેલાં વૃક્ષોની જેમ ફરી વાર પણ લક્ષ્મીને પ્રાપ્ત થયેલાં છે....૨/૩

**દુવ્વાય ખુભિય જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે;**
**સંભંત ભય વિસંઠુલ નિજ્જામય મુક્કવાવારે...૪**
**અવિદલિઅજાણવત્તા, ખણેણ પાવંતિ ઈચ્છિયં કૂલં;**
**પાસજિણ ચલણ જુઅલં, નિચ્ચંચિઅ જે નમંતિ નરા....૫**

**ખરપવણુદ્ધુઅ વણદવ, જાલાવલિ મિલિય સયલ દુમગહણે;**
**ડજ્ઝંતમુદ્ધ મયવહુ, ભીસણરવભીસણંમિ વણે...૬**
**જગગુરુણોકમજુઅલં, નિવ્વાવિઅસયલતિહુઅણાભોઅં;**
**જે સંભરંતિ મણુઆ, ન કુણઇ જલણો ભયં તેસિં...૭**

**શબ્દાર્થ :-**

**દુવ્વાય**-નઠારા પવને
**ખુભિઅ**-ક્ષોભ પમાડેલા
**જલનિહિ**-સમુદ્રના
**ઉબ્ભડ**-ઉગ્ર
**કલ્લોલ**-તરંગોના
**ભીસણારાવે**-જેમાં ભયંકર શબ્દો છે.
**સંભંત**-સંભ્રમ પામીને
**ભય**-ભયથી વિહ્વળ થયેલા
**નિજ્જામય**-ખલાસીઓએ
**મુક્કવાવારે**-જેમાં વ્યાપાર છોડ્યો છે
**અવિદલિઅ**-ભાંગેલું નથી
**જાણવત્તા**-જેમનું વહાણ
**ખણેણ**-ક્ષણમાં
**પાવંતિ**- પામે છે
**ઈચ્છિઅં**- ઇચ્છેલા
**કૂલં**-કાંઠાને
**પાસજિણ**-પાર્શ્વજિનનું
**ચલણ જુઅલં**-ચરણ યુગલને
**નિચ્ચં**-નિત્ય
**ચિઅ**-નિશ્ચય
**નરા**- પુરુષો
**ખર**-આકરા
**પવણુદ્ધુઅ**-પવને ઉડાડેલા
**વણદવ**- વનનો દાવાનળ
**જાલાવલિ**-જ્વાળાઓની પંક્તિ સાથે
**મિલિય**-મળેલા
**સયલદુમ**-બધાં વૃક્ષોથી
**ગહણે**-ગહન
**ડજ્ઝંત**-બળતી
**મુદ્ધ**-મુગ્ધ / સરળ
**મયવહુ**-મૃગલીઓના
**ભીસણરવ**-ભયંકર શબ્દોથી
**ભીસણંમિ**-ભયંકર
**વણે**-વનમાં
**જગગુરુણો**-જગતના ગુરુ પાર્શ્વનાથનું
**કમજુઅલં**-ચરણયુગલ
**નિવ્વાવિઅ**-સુખી કર્યો છે
**સયલ**-બધા
**તિહુઅણ**-ત્રણ જગતના
**આભોઅં**-જેમણે વિસ્તાર
**સંભરંતિ**-સ્મરણ કરે છે
**મણુઆ**-મનુષ્યો
**કુણઇ**-કરે
**જલણો**-અગ્નિ
**તેસિં**-તેમને

**ગાથાર્થ :-**જે પુરુષો શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણ-યુગલને હંમેશ નમે છે, તેઓ નઠારા પવનથી ક્ષોભ પામેલા સમુદ્રના ઉગ્ર તરંગોના ભયંકર શબ્દોવાળા અને સંભ્રમથી ભય વડે વિહ્વળ બનેલા ખલાસીઓએ જેમાં પોતાનો વ્યાપાર મૂકી દીધો છે, તેમાં પણ વહાણને અખંડિત રાખી, ઇચ્છેલા કાંઠાને ક્ષણવારમાં પ્રાપ્ત કરે છે.....૪/૫

જે મનુષ્યો જગતગુરુ પાર્શ્વનાથ પ્રભુના સર્વ જગતના વિસ્તારોને સુખી કરનારા ચરણ-યુગલને સંભારે છે, તેમને ઉગ્ર પવનને લીધે બળેલા વનના દાવાનળની જ્વાળાઓની પંક્તિની સાથે મળેલાં સર્વ વૃક્ષોથી ગહન ને બળતી મુગ્ધ મૃગલીઓના ભયંકર શબ્દોથી ભય કરનારા વનમાં તે અગ્નિ તેમને ભય કરતો નથી....૬/૭

**વિલસંતભોગભીસણ, ફુરિઆરુણ નયણ તરલ જીહાલં;**
**ઉગ્ગ ભુઅંગં નવજલય, સત્થહં ભીસણાયારં...૮**
**મન્નંતિ કીડસરિસં, દુર પરિચ્છુઢ વિસમ વિસવેગા;**
**તુહ નામક્ખર ફુડસિદ્ધ-મંત ગુરુઆ નરા લોએ....૯**
**અડવીસુ ભિલ્લ તક્કર-પુલિંદ સદ્દુલ સદ્દભીમાસું;**
**ભયવિહુર વુન્નકાયર, ઉલ્લૂરિઅ પહિઅ સત્થાસુ....૧૦**
**અવિલુત્ત વિહવસારા, તુહ નાહ પણામ મત્તવાવારા;**
**વવગય વિગ્ધા સિગ્ધં, પત્તા હિયઈચ્છિયં ઠાણં...૧૧**

**શબ્દાર્થ :-**

**વિલસંત**-વિલાસવાળા
**ભોગ**-ફણા/દેહથી
**ભીસણ**-ભયંકર
**ફુરિઅ**-ચપળ
**અરુણ** -રાતા
**નયણ** -નેત્રવાળા
**તરલ** -ચપળ
**જીહાલં**-જીભવાળા
**ઉગ્ગ** -ઉગ્ર
**ભુઅંગં** -સર્પને
**નવજલય**-નવા મેઘના
**સત્થહં**-સરખા
**ભીસણાયારં**-ભયંકર આકારવાળા
**મન્નંતિ** -માને છે
**કીડસરિસં**-કીડા જેવા
**પરિચ્છુઢ**-ટાળ્યો છે
**વિસમ**-આકરો
**વિસવેગા**-જેમણે ઝેરનો વેગ
**તુહ** -તમારા
**નામક્ખર** -નામનો અક્ષરનો
**ફુડ**-સ્ફૂટ/ પ્રગટ
**સિદ્ધ**-સિદ્ધ

**મંત** -મંત્રથી
**ગુરુઆ** -મોટા
**નરા** -મનુષ્યો
**લોએ**-લોકમાં
**અડવીસુ** -અટવીમાં
**ભિલ્લ** -ભીલ
**તક્કર**-તસ્કર/ચોર
**પુલિંદ** -વનચર
**સદ્દુલ** -સિંહના
**સદ્દ**-શબ્દોથી
**ભીમાસું**-ભયંકર
**ભય વિહુર** -ભયથી
**વુન્ન**-ખેદ પામેલા
**કાયર**-કાયર લોકોએ
**ઉલ્લૂરિય**-લૂંટ્યા છે
**પહિઅ**-મુસાફરોના
**સત્થાસુ**- જેમાં સાથ
**અવિલુત્ત** -નહિ લુંટાતા
**વિહવસારા** -જેમનો શ્રેષ્ઠ વૈભવ
**તુહ** -તમને
**નાહ** -હે નાથ !
**પણામમત્ત**-પ્રમાણ માત્ર છે
**વાવારા**-જેમનો વ્યાપાર
**વવગય** -ગયા છે
**વિગ્ઘા** -જેમનાં વિઘ્નો
**સિગ્ઘં**-સત્વરં
**પત્તા** -પ્રાપ્ત થયેલા છે
**હિય ઈચ્છિયં** -હૃદયમાં ઇચ્છેલા
**ઠાણં**-સ્થાનને

**ગાથાર્થ :-**હે પ્રભુ ! જે પુરુષો આ લોકમાં તમારા નામના અક્ષરના પ્રગટ સિદ્ધમંત્ર ('પાર્શ્વનાથ' એવો મંત્ર) થી મોટા થયેલા છે, તેઓ ઝેરના વિષમ વેગને દૂર ટાળી વિલાસવાળા ફણા અથવા ભયંકર, ચપળ અને રાતા નેત્રવાળા, ચંચળ જીભવાળા, નવા મેઘ જેવા અને ભયંકર આકારવાળા ઉગ્ર સર્પને એક કીડા જેવા માને છે....૮/૯

હે નાથ ! તમને પ્રણામ કરવાનો માત્ર વ્યાપાર કરનારા પુરુષો-ભીલ, ચોર, વનચર અને સિંહોના શબ્દોથી ભયંકર એ ભયથી વિહ્વળ, ખેદ પામેલા અને કાયર લોકોએ જેમાં મુસાફરોના સાથને લૂંટ્યા છે એવી ભયંકર અટવીમાં જેમનો વૈભવ હરાયો નથી, અને જેમનાં વિઘ્નો નાશ પામ્યાં છે, એવા તેઓ **હૃદયને ઈચ્છિત સ્થાને** પામેલા છે,..૧૦/૧૧

# જિનશાસના પ્રભાવક આચાર્ય ભગવંતો

## આ અવસર્પિણી કાળના અંતિમ કેવલી

## ૧ જંબૂસ્વામી

રાજગૃહી નગરી....

પ્રભુ મહાવીરના ચરણ સ્પર્શથી પાવન થયેલી પુણ્યવંતી ભુમિ...

ધર્મ અને ધનથી સમૃદ્ધ ભૂમિ...

દાન-શીલથી મહેકતી નગરી...

આ નગરીમાં વસતા હતા એક કોટ્યાધિપતિ શ્રેષ્ઠિવર્ય....

જૈન ધર્માનુરાગી શ્રી ઋષભદત્ત શેઠ... પત્નીનું નામ હતું ધારિણી...

શીલ-સદાચારથી શોભતા આદર્શ પરિવારમાં પુત્ર રત્નનો જન્મ થયો...

સર્વત્ર આનંદ-આનંદ છવાયો... જન્મ મહોત્સવ ઉજવાયો...

બાળકનું નામ રાખવામાં આવ્યું જંબૂકુમાર.... સૌભાગ્યશાળી સુપુત્ર હતો...

જંબૂકુમાર સોળ વર્ષના થયા... પુણ્યાનુંબંધી પુણ્યનો મહાન ઉદય જાગ્યો...

વિચરતાં વિચરતાં શ્રી સુધર્માસ્વામી ગણધર પોતાના પરિવાર સાથે રાજગૃહી નગરીમાં પધાર્યા... નગરજનો ગણધર સુધર્માસ્વામીને વંદન કરવા તથા દર્શન કરી દેશના સાંભળવા નગર બહાર ઉદ્યાનમાં જવા લાગ્યા...

જંબૂકુમાર પણ સુધર્માસ્વામીને વંદન કરી દેશના સાંભળવા લાગ્યા...સુધર્માસ્વામીની મીઠી-મધુરી દેશના સાંભળી જંબૂકુમાર વૈરાગ્ય પામ્યા... સુધર્માસ્વામીને વંદના કરી સંયમ લેવાની અભિલાષા વ્યક્ત કરી... હમણાં માતા-પિતાની રજા લઈને આવું છું એમ કહીને ઘર તરફ જવા નિકળ્યા... માર્ગમાં તોપનો ગોળો એકદમ નજીકથી પસાર થતાં માંડ માંડ બચી ગયા. જીવનની ક્ષણભંગુરતા વિચારતા પાછા ફર્યા... સુધર્માસ્વામી પાસે આવી સમ્યક્ત્વ સહિત બ્રહ્મચર્ય વ્રતના પચ્ચક્ખાણ લઈ ઘરે આવ્યા.

માતા પિતાને સુધર્માસ્વામીના દેશનાની તથા પોતાના વૈરાગ્યની વાત જણાવી. ''હે માત-તાત ! હવે ક્ષણવાર પણ સંસારમાં રહેવાની ઈચ્છા નથી. મને દીક્ષાની રજા આપો.'' જંબૂકુમારની વાત સાંભળી માતા-પિતાએ કહ્યું- ''હે વત્સ ! તું તને વરેલી આઠ શ્રેષ્ઠિ પુત્રીઓ સાથે લગ્ન કરી અમારા મનોરથ પૂર્ણ કર.''જંબૂકુમારે માતા પિતાને સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો પરંતુ માતા-પિતાએ જંબૂને પરણાવવા માટેનો આગ્રહ ન છોડ્યો.માતા-પિતાનો અત્યંત આગ્રહ જાણી હું પરણીને તરત દીક્ષા લઈશ એમ પોતાના માતા-પિતાને તથા કન્યાઓના માતા-પિતાને જણાવ્યું.

કન્યાઓના માતા-પિતાએ કન્યાઓને સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ કન્યાઓ માનતી નથી. કન્યાઓના આગ્રહને જાણીને કન્યાઓના માતા-પિતા કન્યાઓને જંબૂકુમાર સાથે ધામધુમથી પરણાવે છે. જંબૂકુમારના લગ્નથી જંબૂકુમારના માતા-પિતા પણ પ્રસન્ન થાય છે. આનંદ પામે છે. સંસારી જીવો મોહથી ગ્રસ્ત હોય છે તેથી સંસાર વૃદ્ધિના નિમિત્તો એમને રાજી કરે છે.

આઠ કન્યાઓની સાથે પરણીને જંબૂકુમાર પોતાના વાસ ઘરમાં આવ્યા. આઠે કન્યાઓ અનેક યુક્તિઓ અને દૃષ્ટાંતોથી જંબૂકુમારની પાસે સંસારના સુખોનું વર્ણન કરે છે. સંસારમાં મોહ પમાડવા પ્રયાસ કરે છે. એમની વાણી સાંભળ્યા પછી જંબૂકુમાર અમૃતથી પણ અધિક મીઠી મધુર પરંતુ વૈરાગ્યમય વાણીથી આઠે કન્યાઓને પ્રતિબોધ પમાડે છે. સંસારની ભયાનકતા અને અસારતા સમજાવે છે. સંસાર દુઃખમય, પાપમય અને સ્વાર્થમય છે એનું એવું અદ્ભૂત વર્ણન કરે છે જે સાંભળીને રાત્રીએ ચોરી કરવા આવેલા વિંધ્યરાજાના પુત્ર પ્રભવ અને પાંચસો ચોરો પણ પ્રતિબોધ પામે છે.

પ્રતિબોધ પામી વૈરાગ્યવાસીત થઇને દીક્ષા લેવાજ્યારે બધા તૈયાર થાય છે ત્યારે જંબૂકુમાર પોતાની અબજોની મિલકત તથા આઠ કન્યાના માતા-પિતા તરફથી દાયજામાં મળેલ નવ્વાણુ કરોડની સંપત્તિને શુભ માર્ગમાં વાપરે છે... સાત ક્ષેત્રમાં આપેછે... દીન દુઃખીયાને આપે છે અને ૫૨૬ જણા સાથે શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા લે છે.

દીક્ષા લઇને જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનેછે. અનુક્રમે દ્વાદશાંગીનો અભ્યાસ કરેછે. સુધર્માસ્વામી એને પોતાની પાટે સ્થાપન કરે છે. ઉત્કૃષ્ટ તપ તપતાં અને શ્રેષ્ઠ ધ્યાનમાં રહેતાં જંબૂકુમાર ઘણા કર્મોની નિર્જરા કરેછે. કોઇ પાવન ક્ષણે સર્વ ઘનઘાતી કર્મોનો ભુક્કો બોલાવી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે. ઘણા સમય સુધી કેવલી તરીકે ગ્રામાનુગ્રામ વિચરે છે અને ઉપદેશ આપી અનેક ભવ્યાત્માઓને તારે છે.

જંબૂકુમાર સોળવર્ષ કુમાર પણે રહે છે પછી દીક્ષા લઇને વીશ વરસ છદ્મસ્થ પણે તથા ચુમ્માલીસ વર્ષ કેવલીપણે વિચરે છે એંસી વર્ષનું આયુષ્ય ભોગવી પોતાના પાટે પોતાના મુખ્ય શિષ્ય પ્રભવસ્વામીને સ્થાપન કરીને શ્રી વીરપ્રભુના નિર્વાણને ચોસઠ વરસ થયા ત્યારે જંબૂસ્વામી મોક્ષે જાય છે.

જંબૂસ્વામીના મોક્ષગમન સાથે આ ભરત ક્ષેત્રમાં, આ અવસર્પીણી કાળમાં દસ વસ્તુઓ વિચ્છેદ પામી. આ દસ વસ્તુઓ નીચે મુજબ છે-

(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન (૩) પુલાક લબ્ધિ, (૪) આહારક શરીર (૫) ક્ષપક શ્રેણિ (૬) ઉપશમ શ્રેણિ (૭) જિનકલ્પ (૮) ૧. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર. ૨.સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને ૩. યથાખ્યાત ચારિત્ર (આ ત્રણ ચારિત્ર) (૯)કેવળજ્ઞાન અને (૧૦) મોક્ષગમન.

તેથી જ મરૂદેવામાતાએ આ અવસર્પીણી કાળમાં આ ભરતક્ષેત્રના માનવીઓ માટે જે મુક્તિના દ્વાર ખોલ્યા હતા એ જંબૂસ્વામીના નિર્વાણથી બંધ થયા. આત્મા સિદ્ધ-બુદ્ધ, નિરંજન-નિરાકાર બન્યો.

## પ્રથમ શ્રુતકેવલી

# ૨ શ્રી પ્રભવસ્વામી

વીર નિર્વાણથી ૩૦ વર્ષ પૂર્વેનો સમય હતો...

વિંધ્યાચલ પર્વતની ગોદમાં જયપુર નગર વસેલું હતું....

સુખ-શાંતિ અને સમૃદ્ધિથી ભરપુર નગરી હતી...

વિંધ્યરાજા ત્યાં રાજ્ય કરતા હતા...

વિંધ્યરાજાને બે પુત્ર હતા... એમાં પ્રભવ મોટો પુત્ર હતો... પ્રભવ ચતુર-હોશિયાર-પરાક્રમી હતો... રાજકુમારને યોગ્ય બધા ગુણો એમાં હતા... પ્રભવે સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.. પરંતુ એનું નશીબ કાંઇક બે ડગલા આગળ હતું.... એ માતા-પિતાના પ્રેમને અને આશીર્વાદને પ્રાપ્ત ન કરી શક્યો. માતા-પિતાના મનમાં એના કરતા વધારે પ્રેમ -લાગણી નાના દિકરા માટે હતી અને બન્નેની ઇચ્છા હતી કે એજ આગળ જતાં મહારાજા બને..

રાજકુમાર પ્રભવને આ વાતની ગંધ આવતાં જ એ મનમાં ધુંધવાયો...ઘણા જ મનોમંથનને અંતે એણે ગામ અને રાજમહેલનો ત્યાગ કર્યો... જંગલનો માર્ગ પકડયો. જંગલમાં એણે પોતાની ટોળકી જમાવી. ચારસો નવ્વાણુ સાથીઓ ભેગા કર્યા... પાંચસોમો પોતે એ ટોળીનો નાયક બન્યો. બધાને ચોરીની કલા શિખવાડી તથા પોતે બે દૈવી વિદ્યાઓ પ્રાપ્ત કરી. આ બે વિદ્યામાં એક હતી અવસ્વાપિની અને બીજી હતી તાલોદ્ઘાટિની. જ્યાં ચોરી કરવા જાય ત્યાં પ્રથમ અવસ્વાપિની વિદ્યાથી ગાઢ નિદ્રા ફેલાવે અને પછી તાલોદ્ઘાટિની વિદ્યાથી સહજતાથી ગમે તેવા તાળા પણ ખોલી નાંખે. આજુબાજુના ગામોમાં ઘણી જ ચોરીઓ કરીને પ્રભવ અને એના સાથીઓ હાહાકાર ફેલાવવા લાગ્યા. લોકો ત્રાહિમામ પોકારી ગયા.

પ્રભવ એના સાથીઓને લઇને મોટી ચોરી અને લુંટના ઇરાદા સાથે રાજગૃહી નગરીમાં પહોંચ્યો. ત્યાં એને સમાચાર મળ્યા કે આજે રાજગૃહી નગરીના ૠષભદત્ત શ્રેષ્ઠિના સુપુત્ર જંબૂકુમારના લગ્ન આઠ આઠ કન્યાઓ સાથે થયેલા છે. સમાચાર મળતાંજ પ્રભવ વિચાર કરે છે ''આજે ૠષભદત્ત શ્રેષ્ઠિને ત્યાં એવી ચોરી કરું... એવો માલ લુંટું કે મારે જીવનમાં બીજીવાર ચોરી જ ન કરવી પડે... આ મારી અંતિમ ચોરી બની જાય.''

માનવી ભાવના ભાવે છે પરંતુ એને ખબર નથી હોતી કે ભાવના કેવી રીતે સાકાર-સફળ થવાની છે.

મધ્યરાત્રીએ પ્રભવ અને એના સાથીઓ ઋષભદત્તના સાતમાળના મહેલ પાસે પહોંચી ગયા. સાથીઓને બહાર ગોઠવી પ્રભવ મહેલમાં પ્રવેશે છે ત્યાં અવસ્વાપિની વિદ્યા અજમાવે છે. નીચે બધા બરાબર નિદ્રાધીન થઇ ગયા. જાણીને ઉપર ચઢ્યો... સાવધાન બનીને સાતમા માળે પહોંચે છે. ત્યાં એના કાને વાતો થતી હોય એવો આવાજ આવેછે. ફરીને પોતાની વિદ્યાનો ઉપયોગ કર્યો પરંતુ પરિણામ શુન્ય.. જ્યાંથી અવાજ આવતો હતો ત્યાં પહોંચીને ભીંતને કાન લગાડ્યા... અંદરમાં થતી વૈરાગ્યની વાતો કાને અથડાતાં પ્રભવને ઝટકો લાગ્યો... મોહનિદ્રામાંથી જાણે એનો આત્મા જાગી ગયો.

જ્યાં કરોડો નહીં અબજોની સંપત્તિ છે... આઠ આઠ કન્યાઓ ભોગની પ્રાર્થના કરી રહી છે અને આ શ્રેષ્ઠિ પુત્ર ત્યાગ-વૈરાગ્યની વાતો કરી રહ્યો છે. સંસાર છોડી સાધુ બનવાની એને લગની લાગી છે... અને હું એ ત્યાગીના ઘરે ચોરી કરવા આવ્યો છું... ખરેખર ! આ શ્રેષ્ઠિપુત્રને ધન્ય છે... અને મને લાખલાખવાર ધિક્કાર છે.

આઠે કન્યાઓ સ્વામિનાથ સાથે સંયમ લેવા તૈયાર થઇ ત્યારે પ્રભવ પણ જંબૂકુમાર પાસે પહોંચી ગયો. એમના ચરણોમાં પડ્યો... તમને ધન્ય છે... તમારા યૌવનને ધન્ય છે.. તમારા જીવનને ધન્ય છે.... તમારું યૌવન અને જીવન સફળ છે. હું તો ચોર છું તમારા ઘરે મોટી ચોરી કરીને આજથી ચોરીજ ન કરવી પડે એમ વિચારતો હતો. તમારી વાણી સાંભળી તમારી વૈરાગ્ય ભરેલી વાણીએ મારું હૃદય... મારું જીવન ચોરી લીધું છે. ખરેખર આજની મારી ચોરી અંતિમ ચોરી બનીને રહેશે. હું પણ આપની સાથે દીક્ષા લઇશ. ત્યાં તો પ્રભવના બધાજ સાથીઓ આવી પહોંચ્યા... ''અમે પણ અમારા સ્વામી સાથે સંયમ પંથે સંચરીશું.''

જંબૂકુમારે બધાના ભાવોનું સ્વાગત કર્યું. બધાને સુંદર ધર્મોપદેશ આપી એમની સંયમ ભાવના વૃદ્ધિંગત કરી.

વિ.સં. પૂર્વે ૪૭૦ વર્ષે વીર શાસનના પાંચમા ગણધર... પ્રથમ પટ્ટધર શ્રી સુધર્માસ્વામી પાસે પ્રભવે ૫૦૦ સાથે દીક્ષા લીધી. પ્રભવે દીક્ષા લીધી ત્યારે તેઓ ત્રીસ વરસના હતા.

જંબૂસ્વામીના પાટે પ્રભવસ્વામી આવ્યા. વિ. સં. પૂર્વે ૪૦૬ વર્ષે એ જંબુસ્વામીના પટ્ટધર બન્યા. તેઓશ્રી મહાવીર શાસનના પ્રથમ શ્રુતકેવલી હતા. પ્રથમ શ્રુતધર, ચૌદપૂર્વી યુગપ્રધાન પુરુષ હતા. વિ.સં. પૂર્વે ૩૯૫ માં ૧૧ વરસનું યુગપ્રધાન પદ અને ૧૦૫ વરસનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરી દેવલોક પામ્યા.

કોટિ કોટિ વંદન હોજો પ્રભવસ્વામીના ચરણે.

# ત્રીજા પટ્ટધર, દશવૈકાલિક સૂત્ર રચયિતા,

# ③ શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજ

પ્રભવસ્વામીએ શાસનની ધુરા સંભાળી ત્યારે એમની ઉમર ચોરાણું (૯૪) વરસની હતી. આ ઉંમરે પણ તેઓશ્રી સુંદર આરાધના અને શાસન પ્રભાવના કરતાં અણીશુદ્ધ સંયમ પાલન કરતાં વિચરી રહ્યા હતા. શરીર થાકી રહ્યું છે... અને પોતાના પાટે યોગ્ય પટ્ટધર પોતાના સમુદાયમાં દેખાતો નથી. તો શું કરવું ? આ વિકરાળ પ્રશ્ન એમને સતાવી રહ્યો હતો. વીરશાસનની ગરિમા ટકી રહે એવો પટ્ટધર લાવવો ક્યાંથી ? જેના તેના હાથમાં શાસનની ધુરા સોંપાય તો લાભ કરતાં હાનિ વધારે થાય. ઘણા મનોમંથનને અંતે પૂજ્યપાદ પ્રભવસ્વામી મહારાજે શ્રુતજ્ઞાનનો ઉપયોગ આપી યોગ્ય પટ્ટધર માટે શોધનો પ્રારંભ કર્યો... પટ્ટધરની શોધ કરતી એમની નજર રાજગૃહિ નગરીના શય્યંભવ નામના બ્રાહ્મણની ઉપર સ્થિર થઇ. જન્મે ભલે બ્રાહ્મણ છે... પરંતુ એક સમર્થ વિદ્વાન છે... મહાપંડીત છે.. વત્સ ગોત્રવાળા છે અને વેદમાં નિષ્ણાંત છે. હાલમાં આ મહાપંડિતને પોતાના જ્ઞાનમાં એમણે પ્રાણી હિંસામય યજ્ઞ કરતાં જોયો. પ્રભવસ્વામીએ શય્યંભવભટ્ટને પ્રતિબોધ પમાડવાનો નિર્ણય કર્યો...

પોતાની પાસેના બે સાધુઓને એમણે સમજાવીને યજ્ઞમંડપમાં મોકલ્યા. યજ્ઞ મંડપમાં આવેલા સાધુઓનું ત્યાં અપમાન કરવામાં આવ્યું. થયેલા અપમાનને સહન કરીને પણ સાધુઓએ શય્યંભવભટ્ટની પાસે જઇને કહ્યું- **'' अहो कष्टं, अहो कष्टं, तत्वं न ज्ञायते परम् ।''**અર્થાત્ ''અહો અહો આ કેવી કષ્ટની વાત છે કે કોઇ તત્ત્વને જાણતું નથી.''

શય્યંભવભટ્ટ જૈન સાધુઓના મુખેથી આ વાત સાંભળી વિચારમગ્ન બન્યા...ચિંતન કરવા લાગ્યા... જૈન સાધુ મરણાંત કષ્ટ આવે તો પણ અસત્ય વચન બોલે નહિં... તો એમણે આ શું કહ્યું ?...હું જે કરી રહ્યો છું.... મારા ગુરુદેવ જે કરાવી રહ્યા છે એમાં તત્વ નથી... જો આ તત્વ નથી તો તત્વ શું છે ? તત્વ કયાં છે ? સત્ય શું છે ? સત્ય ક્યાં છે ? સત્ય અને તત્વને જાણવાની જેને તાલાવેલી લાગી છે એવા શય્યંભવભટ્ટ હાથમાં ખુલ્લી તલવાર લઇને ગુરુદેવ પાસે પહોંચ્યા... તલવાર બતાવતાં ગુરુને કહ્યું - 'સાચું કહો સત્ય શું છે ? તત્વ શું છે ? સમ્યક્ત્વ શું છે ?''

તલવાર જોઇને ભયભીત થયેલા ગુરુએ કહ્યું - '' યજ્ઞસ્તંભ નીચે સોળમાં જૈન તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિની સ્થાપના કરી છે. એના પ્રભાવથી આ સર્વ ક્રિયા નિર્વિઘ્નતાએ ચાલે છે. અને સત્ય તત્વરૂપ એક જૈન ધર્મ જ છે..''

પછી યજ્ઞસ્તંભની નીચેથી રત્નમય શ્રી શાંતિનાથ પ્રભુની મુર્તિ બતાવી. શ્રી શાંતિનાથ પ્રભુની

પ્રતિમા જોઇ પ્રતિબોધ પામેલા શય્યંભવભટ્ટ યજ્ઞવિધિ અને સગર્ભા પત્નીને છોડીને શ્રી પ્રભવસ્વામી પાસે પહોંચ્યા. પ્રભવસ્વામીએ શય્યંભવને જૈન ધર્મનું તત્વજ્ઞાન સમજાવ્યું... દયાનો મહિમા જણાવ્યો. ધર્મનું મૂળ દયા છે એજ આત્મકલ્યાણ માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. સત્ય સમજાતાં ક્ષણવારનો પણ વિલંબ કર્યા વિના શય્યંભવભટ્ટ પ્રભવસ્વામીના ચરણોમાં નમી પડ્યા. સંયમ ગ્રહણ કર્યું. શય્યંભવભટ્ટે દીક્ષા લીધી ત્યારે એમની ઉંમર ૨૮ વરસની હતી.

સંયમ લઇને શય્યંભવમુનિએ તપ-જપની આરાધના સાથે જ્ઞાન સાધનાની ધુણી ધખાવી.... જ્ઞાનની આરાધના કરતાં શય્યંભવમુનિ ચૌદ પૂર્વના પારગામી બન્યા. શાસ્ત્રાભ્યાસ કરાવી, યોગ્યસંસ્કાર આપી શ્રી પ્રભવસ્વામીએ શય્યંભવમુનિને આચાર્ય પદવી આપી પોતાની પાટે સ્થાપિત કર્યા. વિ.સં. પૂર્વે ૩૯૭માં આ ઘટના બની.

શય્યંભવભટ્ટે દીક્ષા લીધી ત્યારે એમની સ્ત્રી ગર્ભવતી હતી. સ્ત્રીઓ ગર્ભ વિષે પુછપરછ કરતી ત્યારે તે સ્ત્રી કહેતી- ''મયણં''

મયણં એટલે કંઇક છે.

બાળકનો જન્મ થયો તો સહુએ નામ પાડ્યું - 'મનક'

મનક જ્યારે આઠ વરસનો થયો ત્યારે માતાને પૂછ્યું- 'હે માતા ! મારા પિતાજી ક્યાં છે ?'

માતાએ કહ્યું- ''વત્સ ! તું હજી ગર્ભમાંજ હતો ત્યારે તારા પિતા શય્યંભવભટ્ટ જૈન દીક્ષા લઇને જૈન સાધુ થયા છે.''

માતાની વાત સાંભળી, મનક પિતાજીને શોધવા નિકળ્યો. શોધ કરતાં એને ચંપાનગરીમાં શય્યંભવસૂરિ મળ્યા. એમના સાનિધ્યમાં રહી જૈન ધર્મ અને સાધુ જીવનની સમજણ મેળવી જૈન દીક્ષા અંગીકાર કરી મનકમુનિ બન્યા. શ્રુતોપયોગ દેવાથી શય્યંભવસૂરિએ મનકમુનિનું આયુષ્ય ફકત છ માસનું જાણ્યું. આટલા અલ્પ સમયમાં મનક શું શાસ્ત્રાભ્યાસ કરી શકશે ? શાસ્ત્રાભ્યાસ વિના એનું કલ્યાણ-એના આત્માનો ઉદ્ધાર કેમ થશે ? એમ વિચારીને મનકમુનિના જીવનોદ્ધાર માટે ચૌદપૂર્વમાંથી ઉદ્ધાર કરીને ''શ્રી દશવૈકાલિક સુત્ર''ની રચના કરી. દશવૈકાલિક સૂત્ર સર્વ સૂત્રોનો સાર છે. મુનિજીવનની સ્થિરતા માટે આચાર પાલનનું શ્રેષ્ઠ જ્ઞાન એમાં સમાયેલું છે. છ માસ પર્યંત શ્રી શય્યંભવસૂરિએ મનકમુનિને દશવૈકાલિક સૂત્રનો અભ્યાસ કરાવ્યો... અપ્રમત્તપણે આરાધના કરાવી. તેથી છ માસ પછી આરાધક બનેલા મનકમુનિ સ્વર્ગે ગયા. મનકમુનિના કાળધર્મથી શય્યંભવસૂરિની આંખમાંથી આંસુ સરી પડ્યાં. શિષ્યોએ કારણ પૂછતાં તેમણે પોતાના સંસારી પણાના પુત્ર તરીકેનો અને અલ્પ આયુષ્ય વગેરેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તથા કહ્યું કે - ''તે અલ્પ આયુષ્યમાં પણ શુદ્ધ ચારિત્ર પાળી સમાધિ સહિત સદ્ગતિ મેળવી ગયા તેથી મને હર્ષાશ્રુ આવેલ હતાં.''

ગુરુદેવની વાત સાંભળી શિષ્યોએ કહ્યું - '' ગુરુદેવ ! અમને આપશ્રીએ આ વાત પહેલેથી જણાવી હોત તો અમે પણ તેમની સાથે વધારે લાગણી વગેરે દર્શાવીને વધુ સારું વર્તન રાખી શકત.''

ગુરુદેવે કહ્યું - '' ન કહેવાથી જ તમારા જેવા તપોવૃદ્ધોની તેમને સેવા મળી અને એથી જ સદ્ગતિ મેળવી શક્યા.''

કાર્ય સિદ્ધ થઇ ગયા પછી શ્રી દશવૈકાલિક સૂત્રને પૂર્વમાં સમાવી દેવાની ભાવના કરતા શય્યંભવસૂરિને શ્રી શ્રમણ સંઘે વિનંતિ કરી કે- ''ગુરુદેવ ! આ પાંચમા આરામાં અલ્પ આયુષ્યવાળા અને અલ્પબુદ્ધિવાળા મુનિવરાદિને ઉપયોગી થાશે. તેથી એ સૂત્રને હવે કાયમ રાખો.''

ગુરુભગવંતે વિનંતિને માન્ય કરી અને એ સૂત્ર સ્થિર રાખ્યું.

શ્રી શય્યંભવસૂરિ પૂર્વમાંથી શ્રુતસારનું સંકલન કરનાર પ્રથમ જૈનાચાર્ય હતા. તેઓશ્રી મહાપ્રભાવક યુગપ્રધાન આચાર્ય હતા.

શય્યંભવસૂરિ અઠ્ઠાવીસ વર્ષ ગૃહસ્થ પણે અગિયાર વર્ષ મુનિપણે અને ત્રેવીશ વર્ષ સુધી આચાર્યપદે રહિને શાસન પ્રભાવના કરી પોતાના પાટે યશોભદ્રસૂરિને સ્થાપી બાસઠ વર્ષનું આયુષ્ય ભોગવી વીર નિર્વાણથી અઠ્ઠાણું વર્ષે સ્વર્ગે ગયા.

એ મહાપુરુષ તો સ્વર્ગે સિધાવ્યા પરંતુ આજે પણ એમનું ઉદ્ધરેલું ''દશવૈકાલિક સૂત્ર'' જિનશાસનના શણગારરૂપ છે. સાધુ જીવનને પામ્યા પહેલા અને પછી પણ એ પ્રત્યેક મુમુક્ષુના સંયમ જીવનનો આધાર સ્તંભ છે. પાંચમાં આરાના અંત સુધી આ આગમ રહેશે... જીવને શિવના માર્ગનો પરિચય કરાવતો રહેશે... અનેકોનો તારણહાર બનશે. એક જ ''મનક'' નહીં અનેકોના પથદર્શક-જીવનોદ્ધારક એવા ''દશવૈકાલિક સૂત્ર''ના રચયિતા શય્યંભવસૂરિના ચરણોમાં કોટિ કોટિ વંદના.

# શ્રી દંડકપ્રકરણ - ૧

-શ્રી જિનહંસમુનિ

જિન શાસન શ્રુતજ્ઞાનનો મહાસાગર છે... ગમે તેટલું જાણો, સમજો, શીખો પરંતુ એ જ્ઞાન ક્યારેય ખુટતું નથી... આજના કાળની અપેક્ષાએ આપણું આયુષ્ય એટલું અલ્પ છે કે એ સમયમાં શ્રુત સાગરના એક બિંદુ જેટલું પણ જ્ઞાન પામવું કઠીન છે.

આપણને તો પાંચ પ્રતિક્રમણ આવડી જાય તો અભિમાન આવી જાય મને તો પાંચપ્રતિક્રમણ કડાકડ આવડે છે. ના... આટલાથી સંતોષ માનવાનો નથી. પાંચ પ્રતિક્રમણના અભ્યાસ પછી જીવ વિચાર અને નવતત્વ શિખવાના છે. આ બન્નેના અભ્યાસથી જિન વચન ઉપર શ્રદ્ધા મજબૂત બનીને વધુને વધુ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા થાય છે. ચાર પ્રકરણમાં જીવ-વિચાર અને નવતત્વ પછી ત્રીજા નંબરે શ્રી દંડક પ્રકરણનું સ્થાન છે. અહીં આપણે આ શ્રી દંડક પ્રકરણને શીખવા માટેનો પુરુષાર્થ કરવાનો છે.

## દંડક એટલે શું ?

શ્રી દંડક પ્રકરણ નામ સાંભળતાં જ મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે દંડક એટલે શું ? આ દંડક પ્રકરણમાં આપણને શું જાણવા મળશે ? એનું સમાધાન કરતાં કહે છે

**दंडयन्ते जीवा यस्मिन् स दंडक ।**

## જીવો જેને વિષે દંડાય તે દંડક.

કર્મો વિગેરેના કારણે જીવો જેમાં દુઃખી થાય... દંડાય તે દંડક કહેવાય છે. આત્મા તો સદા આનંદમાં રહેવાના સ્વભાવ વાળો છે છતાં એને વિવિધ ગતિ-જાતિના રૂપો કરી દંડાવું પડે છે. ક્યારેક એકેન્દ્રિયમાં... ક્યારેક વિકલેન્દ્રિયમાં, ક્યારેક ત્રસમાં... ક્યારેક સ્થાવરમાં, ક્યારેક નરકમાં તો ક્યારેક નિગોદમાં... એટલું જ નહીં પરંતુ મનુષ્ય બનવું એ પણ દંડ જ છે. જીવ વિચારમાં જણાવેલા **૫૬૩** જીવના ભેદોનો ૨૪ દંડકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધાનો આપણે ક્રમશઃ વિસ્તારથી વિચાર કરીશું.

**नमिऊं चउवीस जिणे, तस्सुत्त वियारलेस देसणओ ।**
**दंडग पएहिं ते च्चिय, थोसामि सुणेह भो भव्वा ।।१।।**

ચોવીસ જિનેશ્વરોને નમસ્કાર કરીને, તેમના સિદ્ધાંત વિચારને લેશ માત્ર કહેવાથી, દંડકના પદો વડે કરી તે જિનેશ્વરોને નિશ્ચયે હું સ્તવીશ. હે ભવ્ય જીવો ! તે તમે સાંભળો.

**૧. મંગલાચરણ - नमिउं चउवीस जिणे**આ પદ વડે ચોવીસ જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરી કાર્યની (ગ્રંથની) સફળતામાં કોઇ પણ વિઘ્ન ન આવે તે માટે માંગલિક કરવામાં આવ્યું છે.

**૨. વિષય - दंडग पएहिं** – આ પદથી દંડક પદના આધારથી જિનેશ્વર પરમાત્માના આગમ ટૂંકમાં

સમજાવવાના છે. એમ વિષય જણાવ્યો છે.

**૩. સંબંધ - तरस्सुत्त वियार -** તેમના (જિનેશ્વરોના) સિદ્ધાંત વિચાર સાથે આ દંડકનો સંબંધ જણાવ્યો છે. સિદ્ધાંત વિચાર એ જ્ઞાન છે અને તે મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. ગુરુગમ અને સિદ્ધાંતના જ્ઞાન સાથે દંડકનો સંબંધ છે.

**૪. પ્રયોજન - लेस देसणओ -** ભવ્ય જીવોને ટુંકમાં જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. તેમને પદાર્થોનો બોધ કરાવીને મોક્ષની અભિલાષા જાગૃત કરવી.

**૫. અધિકારી - सुणेह भो ! भव्वा !** આ પદ દ્વારા આ ગ્રંથના અભ્યાસ માટે ભવ્ય જીવો અધિકારી છે.

આવી રીતે પ્રથમ ગાથામાં જિનેશ્વરોને નમસ્કાર કરવા દ્વારા અને જિનેશ્વરોની સ્તુતિ દ્વારા આપણી સમક્ષ ગ્રંથનું મંગલાચરણ, વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકારીની વાત સ્પષ્ટ કરી દિધી છે.

આપણે પણ જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને આપણા જ્ઞાન માટે પુરુષાર્થ આદરી આત્મિક વિકાસને પ્રાપ્ત કરીએ.

## ચોવીસ દંડક

**नेरइआ असुराइ, पुढवाइ बेइंदियादओ चेव ।**
**गब्भय तिरिय मणुस्सा, वंतर जोइसिय वेमाणी ।।**

નારકી, અસુરકુમારાદિ, પૃથ્વીકાયાદિ, બેઈન્દ્રિયાદિ, ગર્ભજ, તિર્યંચ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક (આ ચોવીસ દંડક છે.)

અહિં ચોવીસ દંડકની ગણત્રી કરવામાં આવી છે જે નીચે મુજબ છે–

| | |
|---|---|
| ૧) સાત નારકીનો | એક દંડક |
| ૨) અસુરાદિ ભવનપતિઓના | દસ દંડક |
| ૩) પૃથ્વીકાયાદિ સ્થાવરના | પાંચ દંડક |
| ૪) વિકલેન્દ્રિયના | ત્રણ દંડક |
| ૫) ગર્ભજ તિર્યંચનો | એક દંડક |
| ૬) મનુષ્યોનો | એક દંડક |
| ૭) વ્યંતરનો | એક દંડક |
| ૮) જ્યોતિષીનો | એક દંડક |
| ૯) વૈમાનિકનો | એક દંડક |

કુલ ચોવીસ દંડક થાય છે.

ગતિ અપેક્ષાએ વિચાર કરતાં –

| | |
|---|---|
| નારકીનો | એક દંડક |
| તિર્યંચના | નવ દંડક |
| મનુષ્યનો | એક દંડક અને |
| દેવતાના | તેર દંડક |

એવી રીતે કુલ ચોવીસ દંડક થાય છે.

## ચોવીસ દ્વાર

**संखित्तयरी उ इमा, सरीर-मोगाहणा य संघयणा;**
**सन्ना संठाण कसाय, लेस इंदिय दु समुग्घाया ।।३।।**
**दिट्ठी दंसण नाणे, जोगु-वओगो-ववाय चवण-ठिइ;**
**पज्ज्जत्ति किमाहारे, सन्नी गइ आगइ वेओ ।।४।।**

ચોવીસ દ્વાર રૂપ અતિ સંક્ષિપ્ત સંગ્રહણી આ પ્રમાણે છે. શરીર, અવગાહના, સંઘયણ, સંજ્ઞા, સંસ્થાન, કષાય, લેશ્યા, ઇન્દ્રિય, બે ભેદે સમુદ્ઘાત, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, ચ્યવન, સ્થિતિ, પર્યાપ્તિ, કિમાહાર, સંજ્ઞા, ગતિ, આગતિ, વેદ.

પ્રથમ ગાથામાં ચોવીસ તીર્થંકરોની સ્તવનાની વાત જણાવી એ જ સંદર્ભમાં આગળની બીજી ગાથાનાં ચોવીસ દંડક જણાવ્યા. હવે અહીં ત્રીજી અને ચોથી ગાથામાં ચોવીસ દ્વાર જણાવ્યાછે. આ ચોવીસ દ્વાર નીચે મુજબ છે–

| | | |
|---|---|---|
| ૧) શરીર દ્વાર | ૯) સમુદ્ઘાત દ્વાર | ૧૭) ચ્યવન દ્વાર |
| ૨) અવગાહના દ્વાર | ૧૦) દૃષ્ટિ દ્વાર | ૧૮) સ્થિતિ દ્વાર |
| ૩) સંઘયણ દ્વાર | ૧૧) દર્શન દ્વાર | ૧૯) પર્યાપ્તિ દ્વાર |
| ૪) સંજ્ઞા દ્વાર | ૧૨) જ્ઞાન દ્વાર | ૨૦) કિમાહાર દ્વાર |
| ૫) સંસ્થાન દ્વાર | ૧૩) અજ્ઞાન દ્વાર | ૨૧) સંજ્ઞા દ્વાર |
| ૬) કષાય દ્વાર | ૧૪) યોગ દ્વાર | ૨૨) ગતિ દ્વાર |
| ૭) લેશ્યા દ્વાર | ૧૫) ઉપયોગ દ્વાર | ૨૩) આગતિ દ્વાર અને |
| ૮) ઈન્દ્રિય દ્વાર | ૧૬) ઉપપાત દ્વાર. | ૨૪) વેદ દ્વાર |

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

ગુણ !

જીવન વિકાસમાં એમનું અદ્ભૂત યોગદાન છે... જેમના વિના જીવન બાગ મઘમઘતું નથી... સુનૂં સુનૂં બની જાય છે.... આવા ગુણોનું જીવન વિકાસમાં વિશિષ્ટ મહત્વ છે.

**જ્યાં જ્યાં અપૂર્વ ગુણ વિશેષનો જે અવિર્ભાવ થાય છે એટલે જ ગુણ વિશેષની પ્રાપ્તિ થાય છે તેને ગુણસ્થાન કહેવાય છે.**

જેમ જેમ વધુને વધુ વિશેષ ગુણોની પ્રાપ્તિ થાય તેમ તેમ જીવ ધર્મ અધ્યાત્મના ઉંચા ઉંચા લક્ષને પામતો જાય છે. આવા ગુણોના રહેવાના સ્થાન તે ગુણસ્થાન કહેવાય છે. આત્મવિકાસની ઇચ્છા રાખનાર પ્રત્યેક સાધકને ગુણસ્થાનોનું જ્ઞાન અતિ આવશ્યક છે. આત્મિક વિકાસના આ પગથિયા છે. આપણે શ્રીમદ્ રત્નશેખરસૂરિ કૃત ''ગુણસ્થાન ક્રમારોહ'' ગ્રંથના આધારે સંક્ષિપ્તમાં ગુણસ્થાનો સંબંધિ જ્ઞાન- જાણકારી મેળવવા પ્રયાસ કરીશું.

**गुणस्थान क्रमारोह, हत मोहं जिनेश्वरम् ।**
**नमस्कृत्य गुणस्थान, स्वरुपं किंचिदुच्यते ।। १।।**

ગ્રંથકાર મહર્ષિ ગ્રંથનો પ્રારંભ કરતા પૂર્વે માંગલિક કરી રહ્યા છે. વિઘ્ન નિવારણ કરવા તેમજ શાંતિપૂર્વક ગ્રંથની પૂર્ણાહુતિ થાય તે માટે જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરી રહ્યા છે.

રાગ અને દ્વેષને જીતવાવાળા જિન કહેવાય છે. એવા સામાન્ય જિનમાં (કેવલીમાં) ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર - જિનેશ્વર કહેવાય છે. આ જિનેશ્વર વળી કેવા છે ? તે જણાવતાં કહે છે કે ચૌદમા ગુણસ્થાનનો જે આરોહ ક્રમ જેનાથી એમણે મોહનીય કર્મનો નાશ કર્યો એવા જિનેશ્વર છે. મોહનીય કર્મના નાશથી જેમણે ગુણસ્થાનકોમાં આરોહણ કર્યું છે એવા શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને સંક્ષેપથી ગુણસ્થાનનું સ્વરૂપ કહીશ.

હવે ચાર ગાથા વડે ચૌદ ગુણસ્થાનકના નામ જણાવે છે. -

**चतुर्दश गुणश्रेणि स्थानकानि तदादिमम् ।**
**मिथ्यात्वाख्यं द्वितीयन्तु स्थानं सासादनाभिधम् ।।२।।**
**तृतीयं मिश्रकं तुर्यं सम्यग्दर्शनमव्रतम् ।**
**श्राद्धत्वम्पचमंषष्ठं, प्रमत्त श्रमणाभिधम् ।।३।।**

सप्तमं त्वप्रमत्तंचा ऽ पूर्वकरणमष्टमम् ।
नवमचानिवृत्याख्यं दशमं सूक्ष्मलोभकम् ।।४।।
एकादशं शांत मोहं, द्वादशं क्षीण मोहकं ।
त्रयोदशं सयोगाख्यं मयोगाख्यं चतुर्दशम् ।।५।।

ભવ્ય જીવને સિદ્ધિરુપી મહેલમાં ચઢવા માટે ચૌદ ગુણસ્થાનની શ્રેણિ એટલે સીડી કહી છે. જેવી રીતે મનુષ્ય સીડી ઉપર ચઢીને પોતાના મકાનમાં જઇ શકે છે તેમ ચૌદ ગુણસ્થાનની શ્રેણિથી જીવ મુક્તિ પદ અથવા સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે-

અહીં ચાર ગાથાઓથી ચૌદ ગુણસ્થાનના નામ જણાવે છે.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાન
(૨) સાસ્વાદન ગુણસ્થાન.
(૩) મિશ્ર ગુણસ્થાન
(૪) અવિરતિ સમ્યગદષ્ટિ ગુણસ્થાન
(૫) દેશવિરતિ ગુણસ્થાન.
(૬) પ્રમત્તસંયત ગુણસ્થાન.
(૭) અપ્રમત્ત સંયત ગુણસ્થાન.
(૮) અપૂર્વ કરણ ગુણસ્થાન.
(૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાન.
(૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન.
(૧૧) ઉપશાન્ત મોહ ગુણસ્થાન.
(૧૨) ક્ષીણ મોહ ગુણસ્થાન.
(૧૩) સયોગી કેવલી ગુણસ્થાન
(૧૪) અયોગી કેવલી ગુણસ્થાન

ચૌદ ગુણસ્થાનક્ના નામ જણાવ્યા પછી એક - એક ગુણસ્થાનકની વિશેષ સમજણ આપે છે-

## (૧) મિથ્યાત્વ ગુણસ્થાન

જ્યાં મિથ્યાત્વની હાજરી છે એવું મિથ્યાત્વ સહિતનું સ્થાન તે મિથ્યાત્વ ગુણસ્થાન જાણવું. આ મિથ્યાત્વ બે પ્રકારે છે.-

अदेवा ऽ गुर्व धर्मेषु यादेव गुरु धर्मधीः ।
तन्मिथ्यात्वं भवेद्वयक्त मव्यक्तं मोह लक्षणम् ।। ६।।

મિથ્યાત્વ બે પ્રકારે છે- (૧) વ્યક્ત મિથ્યાત્વ. (૨) અવ્યક્ત મિથ્યાત્વ.

કુદેવ-કુગુરુ અને કુધર્મને વિષે જે દેવ-ગુરુ - ધર્મની બુદ્ધિ હોવી તે વ્યક્ત મિથ્યાત્વ છે. એવી બુદ્ધિ સંજ્ઞી પંચેન્દ્રિયનેજ હોય છે.

અવ્યક્ત મિથ્યાત્વ મોહરુપ છે એટલે અજ્ઞાન તુલ્ય જાણવું.

### મિથ્યાત્વ ગુણસ્થાન શા માટે ?

મિથ્યાત્વ તો ખરાબ છે પછી એની ગણના ગુણસ્થાનમાં કેમ કરવામાં આવી છે ? એનો જવાબ સમજાવે છે-

अनाद्यव्यक्त मिथ्यात्वं, जीवेस्त्येव सदापरम्।
व्यक्त मिथ्यात्व धीप्राप्ति गुणस्थान तयोच्यते ।।७।।

અનાદિકાળથી એકેન્દ્રિય જીવને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. પરંતુ નિગોદમાંથી નિકળીને જીવ જ્યારે સંવ્યવહાર રાશિમાં આવે છે ત્યારે તે જીવ વ્યક્ત મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. તેને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે. એક વખત વ્યક્ત મિથ્યાત્વને સ્પર્શેલો જીવ ફરીથી નિગોદમાં જાય તો તે અવ્યક્ત મિથ્યાત્વને પામે છે તો પણ તે જીવને મિથ્યાત્વ ગુણસ્થાન છે. પરંતુ જે જીવ ક્યારે પણ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો જ નથી અને વ્યક્ત મિથ્યાત્વને સ્પર્શ્યો જ નથી તેને ગુણસ્થાનક જ નથી.

## પાંચ પ્રકારનું મિથ્યાત્વ

अभिग्गहिअमणाभिग्गहियं तहाभिनिवेसिअं चेव ।
संसइअमणाभोगं मिच्छतं पंचहा होइ ।।

અભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક એ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે. આમાંથી પ્રથમ ચાર વ્યક્ત મિથ્યાત્વ છે જ્યારે છેલ્લું અનાભોગિક મિથ્યાત્વ અવ્યક્ત મિથ્યાત્વ છે.

પરંપરાથી ચાલ્યા આવતા ધર્મને જ સાચું માનવું તે **અભિગ્રહિક મિથ્યાત્વ** છે.

બધાજ ધર્મો સાચા છે એવી સમજણ કે બુદ્ધિ તે **અનભિગ્રહિક મિથ્યાત્વ** છે.

હું જે કહું છું (મને જે રૂચે છે) તે જ ધર્મ સાચો એવી જે બુદ્ધિ તે **આભિનિવેશિક મિથ્યાત્વ** છે.

વસ્તુઓનું સ્વરૂપ જે રીતે કહ્યું છે તે જ રીતે હશે કે બીજી રીતે હશે ? એવી શંકા તે **સાંશયિક મિથ્યાત્વ** છે.

અસ્પષ્ટ ચૈતન્યવાળા અસંજ્ઞી જીવોને જે મિથ્યાત્વ મોહનીયનો ઉદય તે **અનાભોગિક મિથ્યાત્વ** છે.

ઠાણાંગસૂત્રની વૃત્તિમાં દસ પ્રકારનું મિથ્યાત્વ કહેવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે–

(૧) અધર્મમાં ધર્મ બુદ્ધિ. (૨) ધર્મમાં અધર્મ બુદ્ધિ. (૩) ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ. (૪) માર્ગમાં ઉન્માર્ગ બુદ્ધિ. (૫) અજીવમાં જીવબુદ્ધિ. (૬) જીવમાં અજીવબુદ્ધિ. (૭) અસાધુમાં સાધુબુદ્ધિ. (૮) સાધુમાં અસાધુબુદ્ધિ. (૯) અમુક્તમાં મુક્ત બુદ્ધિ. (૧૦) મુકતમાં અમુક્ત બુદ્ધિ.

આ દસે દસ પ્રકાર વ્યક્ત મિથ્યાત્વના છે.

## મિથ્યાત્વ દૂષણ

મિથ્યાત્વમાં શું દોષ છે ? એ જણાવતાં કહે છે–

मद्यमोहात्यथा जीवो न जानाति हिताहितम् ।
धर्म्माधर्म्मौ न जानाति तथा मिथ्यात्वमोहितः ।।८।।

નષ્ટ થઇ ગયું છે જ્ઞાનરૂપી ચિત્ત જેમનું એવા મનુષ્યાદિ જીવ મદિરાના ઉન્માદથી-નશાથી હિત-અહિત કશું જ જાણતા નથી. તેવી જ રીતે મિથ્યાત્વથી મોહિત થયેલા જીવો ધર્મ-અધર્મને જાણતા નથી.

જન્માંધ વ્યક્તિ વસ્તુના રમ્ય-અરમ્ય; સારા-ખરાબ પણાને જાણતો નથી... અથવા અંધકારથી ભરેલી કોટડીમાં રહેલા વસ્તુને જેમ વ્યક્તિ જાણી શકતી નથી તેવી રીતે મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ ધર્માધર્મને જાણતો નથી.

## મિથ્યાત્વની સ્થિતિ

મિથ્યાત્વની સ્થિતિ એટલે સમય જણાવે છે. મિથ્યાત્વ કેટલો સમય રહી શકે ? આપણે પુરુષાર્થથી એ મિથ્યાત્વમાંથી બહાર કેવી રીતે આવી શકીએ ?

**अभव्याश्रित मिथ्यात्वे, नाद्यनन्ता स्थितिर्भवेत् ।**
**साभव्याश्रित मिथ्यात्वे, नादि सान्ता पुनर्मताः ।।९।।**

જીવરાશિ બે પ્રકારની છે- (૧) ભવ્ય અને (૨) અભવ્ય.

અભવ્ય જીવોને આશ્રયીને મિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત છે. ભવ્ય જીવોને આશ્રયીને અનાદિ સાન્ત મિથ્યાત્વની સ્થિતિ છે.

પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીવિનયપૂર્વક પૂછે છે- '' હે કરૂણાનિધાન ! આ ગુણસ્થાનથી ક્યો ગુણ પ્રાપ્ત થયો ?''

ત્યારે અનંત ઉપકારી પ્રભુ મહાવીરસ્વામીએ કહ્યું- '' હે ગૌતમ ! મિથ્યાત્વના યોગથી... કર્મથી પ્રેર્યો જીવ ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે પરંતુ ક્યાંય પણ શાતા ન પામે.''

## ઉપશમ સમ્યક્ત્વ

**अनादि काल संभूत मिथ्या कर्म्मोपशान्ति तः।**
**स्यादौपसमिकं नाम जीवे सम्यक्त्त मादितः ।।१०।।**

જીવને વિષે અનાદિ કાલથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વ મોહનીય કર્મના ઉપશાંત થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ ગ્રંથિભેદથી થાય છે. ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારે છે- (૧) અંતરકરણથી પ્રાપ્ત થતું ઉપશમસમ્યક્ત્વ અને (૨) ઉપશમ શ્રેણિમાં રહેલા જીવનું ઉપશમસમ્યક્ત્વ

ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે જીવ ત્રણ કરણ કરે છે- (૧) **યથાપ્રવૃત્તિકરણ** (૨) **અપૂર્વ કરણ** અને (૩) **અનિવૃત્તિકરણ.** આ ત્રણે કરણ આગળ ચોથા ગુણસ્થાનમાં વિસ્તારથી જણાવવામાં આવ્યા છે. અહીં જીવ અપૂર્વકરણ કરીને સમ્યગ્દર્શનને સ્પર્શે છે. અનિવૃત્તિકરણથી પહેલાની આ અવસ્થા છે. ગ્રંથિભેદ કરે છે. પરંતુ ત્રણ પૂંજ નથી કરતો. મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલો ઉદયમાં આવે

છે. એને ખપાવે છે. ઉદયમાં ન આવે એમને ઉપશમાવે છે અને ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ઉપશમ સમ્યક્ત્વની સ્થિતિ અંતરમુહૂર્તની છે. આ ઉપશમ સમ્યક્ત્વ સાસ્વાદનનું કારણ છે. આ સમ્યક્ત્વને **અંતરકરણ સમ્યક્ત્વ** કહે છે. આ સમ્યક્ત્વ એક જ વખત થાય છે.

ઉપશમ સમ્યક્ત્વ શ્રેણીવાળા જીવોના ઉપશમ સમ્યક્ત્વની વાત જણાવે છે. મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ચાર કષાયના ઉપશમનથી શ્રેણીગત ઉપશમ સમ્યક્ત્વ થાય છે. આ પણ સાસ્વાદનનું કારણ છે.

## (૨) સાસ્વાદન ગુણસ્થાન

હવે સાસ્વાદન ગુણસ્થાનનું સ્વરૂપ જણાવે છે.

**एकस्मिन्नुदितेमध्या, च्छान्तानन्तानुबन्धिनाम् ।**
**आद्यौपशमसम्यक्त, शैलमौले: परिच्युत्त: ११।।**
**समयादावलिषट्कं, यावन्मिथ्यात्व भूतलम् ।।**
**नासादयति जीवोयं, तावत् सास्वादनो भवेत् ।।१२।।**

ઉપશમ સમ્યક્ત્વ જીવે જે અનંતાનુબંધી ચાર કષાય ઉપશમાવ્યા છે એમાંથી એકપણ કષાયનો જ્યારે ઉદય થાય છે ત્યારે કષાયના ઉપશમનથી ઉપશમ સમ્યક્ત્વ પામ્યા હતા તે ઉપશમ સમ્યક્ત્વરૂપી પર્વતના શિખર ઉપરથી જીવ નીચે ગબડે છે. અને જ્યારે મિથ્યાત્વ રૂપી ભૂમિને સ્પર્શતો નથી ત્યાં સુધી તે છ આવલિકા જેટલા સમય સુધી સાસ્વાદન ગુણસ્થાન કહેવાય છે. સાસ્વાદન ગુણસ્થાન ભવ્ય જીવને જ હોય છે તથા જેનો અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર બાકી છે એવા જીવને જ હોય છે. સાસ્વાદનથી પડતાં પણ જીવને સમ્યક્ત્વનો અંશ હોય છે. આ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવતાં કહે છે કે કોઇએ દુધપાકનું ભોજન કર્યું અને તેને વમન થયું. વમન સમયે એને ગળામાં દુધપાકની મીઠાસ અને એના સ્વાદનો અનુભવ થાય છે તેવી રીતે મિથ્યાત્વગુણસ્થાનકે જતાં પહેલાં જીવ સમ્યક્ત્વનું વમન કરે છે તેથી ક્ષણવાર સમ્યગ્દર્શનનો સ્વાદ જીવ અનુભવે છે. આ ગુણસ્થાનકે રહેલો જીવ ૧૦૧ પ્રકૃતિનો બંધ કરે છે ઉદયમાં ૧૧૧ પ્રકૃતિ હોય છે, ઉદિરણા ૧૧૧ની છે તથા સત્તામાં ૧૪૭ પ્રકૃતિ હોય છે.

શ્રી ગૌતમસ્વામી વિનયપૂર્વક પ્રભુ મહાવીરસ્વામીને પૂછે છે - ''હે દેવાધિદેવ ! આ ગુણસ્થાન કે ક્યો ગુણ પ્રાપ્ત થયો ?''

અનંત ઉપકારી પ્રભુ મહાવીરસ્વામી કહે છે- ''હે ગૌતમ ! એ જીવ કૃષ્ણપક્ષીમાંથી શુકલપક્ષી થયો. હવે એને માત્ર અર્ધ પુદ્ગલ પરાવર્તન સંસાર પરિભ્રમણ બાકી રહ્યું.''



# ગૌચરી

ગૌચરી એટલે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને આહાર લેવાનો વિધિ ગોચરી શબ્દનો અર્થ છે ગાય જેમ બધી જગ્યાએથી થોડું થોડું ઘાસ ખાય તેમ સાધુ પણ બધાના ઘરેથી થોડો થોડો આહાર લઇને જીવન નિર્વાહ કરે છે. હવે આપણે જાણીએ કે સાધુ આહાર શા માટે લે છે ? એનો જવાબ આપતા શાસ્ત્રો કહે છે છ કારણે સાધુ આહાર કરે... આ છ કારણો નીચે મુજબ છે...

(૧) સંયમના નિર્વાહ માટે સાધુ આહાર કરે. (૨) ક્ષુધા વેદનાને (ભૂખને) શાંત કરવા આહાર કરે. (૩) ઇર્યાસમિતિના શુદ્ધ પાલનાર્થે સાધુ આહાર કરે... (૪) જીવ-રક્ષા કરવા માટે સાધુ આહાર કરે. (૫) ધર્મ-ધ્યાન અથવા શુભ ધ્યાનમાં સ્થિરતા જાળવવા માટે સાધુ આહાર કરે (૬) વડીલોનો વિનય કરવા તથા એમની વૈયાવચ્ચ કરવા માટે સાધુ આહાર કરે.

આ છ કારણ સિવાય સાધુ આહાર ન કરે. હવે આહાર માટે સાધુ નિકળે ત્યારે ગુરુને વંદન કરી, આજ્ઞા લઇને, ઇર્યાસમિતિના ઉપયોગ પૂર્વક એક ઘરથી બીજા ઘરે આહાર માટે જાય. આ વિધિની વાત સમજાવતાં દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે-

**जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं;**
**णय पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं**

એજ વાત વૃદ્ધિવિજયજી મહારાજ ગુજરાતીમાં જણાવે છે-

**ન કરે કુસુમ કિલામણાજી વિચરંતો જીમ તરુ વૃંદ;**
**સંતોષે વળી આતમાજી મધુકર ગ્રહી મકરંદ.**
**તેણી પરે મુનિ ઘર ઘર ભમેજી લેતો શુદ્ધ આહાર,**
**ન કરે બાધા કોઇનેજી દીએ પિંડને આધાર**

ભમરો જેમ એક ફુલથી બીજા ફુલ ઉપર બેસે અને ફુલને ક્યાંય તકલીફ ન થાય તેમ એમાંથી મધને ગ્રહણ કરે એજ પ્રકારે મુનિ કોઇ પણ ગૃહસ્થને તકલીફ ન થાય તેમ આહાર લઇને સંયમ નિર્વાહ કરે.

ઉપર બતાવેલ આહાર વિધિમાં બધીજ વાતોનો સમાવેશ થઇ જાય છે. જેનો આપણે વિસ્તારથી વિચાર કરીશું.

સાધુને ગોચરી-પાણીનો લાભ આપવા વિનંતિ કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે જયારે શ્રાવક વિનંતિ કરે ત્યારે સાધુએ ''વર્તમાન જોગ '' કહેવાનો વિધિ છે. સાધુ નિશ્ચિત જવાબ ન આપે વર્તમાન જોગ

એટલે ગોચરીએ નિકળશું ત્યારે - તે સમયે જેવા સંજોગ હશે તેમ કરીશું. આમ કરવાથી સાધુ ઘણા દોષોથી બચી જાય છે. સાધુ અમે તમારે ત્યાં આવીશું એમ જણાવે તો સાધુના નિમિત્તથી આહાર બનાવે છ કાયની વિરાધના કરે એ બધો દોષ સાધુને લાગે. પણ જણાવ્યા વગર શ્રાવકને ત્યાં અનુકુળ આહાર લે તો ઉભય પક્ષે (સાધુ એવં શ્રાવક) લાભ થાય.

પરંતુ વર્તમાન સંજોગોમાં શ્રાવક જીવનની દિનચર્યા વિચિત્ર થઇ ગઇ હોવાથી તેમજ શ્રાવકોમાં સાધુ જીવનની જાણકારી ન હોવાથી સાધુ-શ્રાવક બન્નેના જીવનમાં કેટલાક દોષોનું સેવન થઇ જાય છે. એ માટે શ્રાવકોએ ખાસ જાગૃત રહેવાની જરૂર છે. ગામમાં સાધુ-સાધ્વીજી ભગવંત બિરાજમાન હોય તો શ્રાવકોના ઘરમાં યોગ્ય સમયે આહાર પાણીનો જોગ હોવો જોઇએ. શ્રાવકના દ્વાર અભંગ કહેવાય. જ્યારે પણ સાધુ-સાધ્વીજી ભગવંત પધારે તો લાભ મળી જ જાય.

વર્તમાન કાળે સંયુક્ત કુટુંબો ઓછા થતા ગયા... સવારના ઉઠવાનું અનિયમિત બન્યું... સાંજે ચોવિહાર કરવાવાળા ઘટતા ગયા... ગરમ પાણી પીવાવાળા જુજ રહ્યા... તેમજ સંઘયણ બળ ઘટતાં સાધુ-સાધ્વીજી ભગવંતો એકાસણાની પરંપરાને જાળવી ન શક્યા... આ વિવિધ કારણોસર ''વર્તમાન જોગ'' શબ્દનો પ્રયોગ ઘટતો ગયો અને શ્રાવકો તરફથી સાહેબ ક્યારે પધારશો જણાવોને એવી માંગ વધતી ગઇ. પણ શ્રાવકો સાધુ જીવનને સમજીને એમની સાધનામાં સહાયક બનવા... સાધુ ભગવંત આવે કે ન આવે પણ યથા યોગ્ય સમયે આહાર-પાણીનો જોગ રાખે અથવા સ્પષ્ટ કહીએ તો **શ્રાવક સાચું શ્રાવક જીવન જીવવા માંડે. દરરોજ નવકારસી-ચૌવિહાર કરે... ગરમ પાણી પીવા માંડે તો સાધુનો અનાયાસ લાભ મળતો રહે અને નિર્દોષ ગોચરી મળવાથી સાધુનું ચારિત્ર શુદ્ધ બને તેમજ એની આરાધનામાં પણ વેગ આવે.** કારણ જેવું અન્ન તેવું મન. આહાર તેવો ઓડકાર... આ બધી વાતને ખ્યાલમાં રાખી શુદ્ધ આહારની શોધ કરતા સાધુને માટે કેવા ઘરોમાં ગોચરી જવું એ વાત પણ શાસ્ત્રકારોએ પ્રકાશિત કરી-

**ગેહ ગણિકાતણાં પરિહરોજી જીહાં ગયા ચલ ચિત્ત હોય**
**હિંસક કુળ પણ તેમ તજોજી પાપ તિહાં પ્રત્યક્ષ જોય**
**સુઝતા આહારનો ખપ કરોજી...**

ગણિકા આદિના હિંસાચારમાં માનનારા એવા ઘરોમાં ગોચરી જવાનો નિષેધ જણાવ્યો ખાનદાન, ચારિત્રવાન, સુસંસ્કારી ઘરોમાં આહાર લેવા જવાની સાધુને ભલામણ કરવામાં આવી. જેવું કુળ હોય તેવો ઘરમાં વ્યવહાર હોય... તેવા ભાવ હોય... આ બધાની અસર ગોચરી પર પડે છે... આહારની અસર આહાર લેનાર સાધુના મન ઉપર પડે છે... એની સાધના અને આરાધના ઉપર પડે છે... કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ હતી... આપણા કેવલી ભગવંતો પાસે અને પૂર્વાચાર્યો પાસે ! સાધુની સાધના પ્રત્યે કેવી જાગૃતિ હતી એમની પાસે ! પાપી અને હિંસક વાતાવરણની અસરમાં જો સાધુનું મન રંગાઇ જાય... ચિત્ત

ચલીત થઇ જાય તો સંયમની સાધના મુશ્કેલ બની જાય... મન ચંચળ છે... આવા કુળોમાં વારંવાર જવાથી કદાચ સંયમ ભ્રષ્ટ બની જાય. એટલે જ એવા વાતાવરણથી સાધુને દૂર રહેવાની ભલામણ કરવામાં આવી.

અકબર બાદશાહનો દરબાર ભરેલો હતો.. અકબર બાદશાહ આનંદમાં હતા... એમણે રાજસભામાં બેઠેલા વિદ્વાનો... પંડીતો તરફ નજર કરીને એક પ્રશ્ન મુક્યો... ''સભાજનો ! આ સામે બળતા દીપક તરફ નજર કરો... ચાંદિનું શુભ્ર કોડીયું છે... એમાં શુદ્ધ, શ્વેત, ઘી છે... એની જ્યોત સુવર્ણમય છે પણ આ જ્યોતમાંથી જામતો મેશ કાળો છે... શા માટે ?

સભાજનોએ અજબગજબનો પણ સાચો સવાલ સાંભળી મુંઝાઇ ગયા. જવાબ મેળવવા ઘણી મથામણ કરી પણ જવાબ જડતો ન હતો રાજાની નજર ચારે બાજુ ફરી વળી... દરબારમાં શાંતિ ફેલાઇ ગઇ... રાજાને જવાબ જોઇતો હતો... કોઇ જવાબ આપવા તૈયાર ન હતા... બધી જગ્યાએથી નિરાશ બનેલી રાજાની નજર બિરબલ ઉપર સ્થિર થઇ અને બિરબલે કહ્યું– ''જહાંપનાહ ! ઇચ્છા હશે તો જરૂર જવાબ આપીશ પણ સવાલ ઘણો સહેલો છે... સરળ છે.''

બાદશાહની નજર બધે ફરીને પાછી બિરબલ ઉપર સ્થિર થઇ... બિરબલ પોતાના સ્થાનેથી ઉભા થયા રાજાને સલામ ભરી કહ્યું '' બાદશાહ ! સંસારનો નિયમ છે ''જેવો અન્ન તેવો ઓડકાર'' દીપકનું કોડીયું ભલે ચાંદીનું શ્વેત હોય... દીપક ભલે શુદ્ધ અને શુભ્ર ઘી થી બળતું હોય... દીપકની જ્યોત ભલે સુવર્ણમય હોય... પણ જહાંપનાહ ! દીપક અંધકારને ખાય છે... અંધકાર કાળો હોય છે એટલે એના ઓડકાર સ્વરૂપ નીકળતો મેશ કાળો જ હોય ને !''

અકબર બાદશાહ સહિત બધા સભાજનો બિરબલની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા...

ખરેખર આપણે દેહમાં જે પધરાવીએ છીએ એની ઘણી બધી અસર આપણી વાણી... વિચાર... અને વર્તન ઉપર થતી હોય છે. એટલે જ જ્ઞાની મહાત્માઓએ ગોચરીની ક્રિયામાં સાધુને સાવધાન બનવાની વાત કરી છે.

આહાર માટે નિકળેલો સાધુ કેવા કેવા ઘરોનો ત્યાગ કરે એની વાત સમજાવ્યા પછી કહે છે કે–

**ઠાર ધૂંઅર વરસાદનાજી જીવ વિરાહણ ટાળ**
**પગ-પગ ઈર્યા શોધતાજી, હરિકાયાદિક ભાળ.**
**સૂઝંતા આહારનો ખપ કરોજી...**

વરસાદ વરસતો હોય... ધુમ્મસ પડેલું હોય... કરા વગેરે પડતા હોય તો સાધુ ગોચરી માટે નિકળે નહિં...

પોતાની ક્ષુધાને મટાવવા માટે કોઇ પણ જીવને તકલીફ ન આપવા માટેની ઉત્કૃષ્ટ ભાવના એજ એની પાછળનું અનોખું રહસ્ય છે.

ધુમ્મસ હોય... વરસાદ હોય... કરા હોય, આ બધા પાણીના જ વિવિધ પ્રકાર છે... અને એના એક બિંદુમાં... કણીયામાં અસંખ્ય એકેંદ્રિય અપકાયના જીવો છે આ જીવોને અભયદાન આપવા સાધુ સદૈવ તૈયાર જ હોય. સમતાથી સાધુ ક્ષુધાને (ભૂખને) સહન કરે. સ્વાધ્યાયાદિમાં મનને જોડી દે.

પણ સાવધાન ! પરમાત્માનો માર્ગ એકાંતનો નથી અનેકાંતનો છે.

કદાચ કોઇ બાલસાધુ હોય, કોઇ વૃદ્ધ હોય, કોઇ બિમાર હોય... કોઇ એવો જીવ હોય કે જેનો ક્ષુધા વેદનીયના ઉદયમાં સમતા ટકતી ન હોય... આરાધનામાં મન લાગતું ન હોય અસમાધિ થતી હોય તો પરમાત્માના શાસનમાં એના માટે પણ અપવાદ માર્ગ બતાવ્યો...

જ્યારે વરસાદ ધીમો પડે જીવ વિરાધનાની સંભાવના ઓછી હોય ત્યારે બે ગરમ કામળી ઓઢીને નજીકના ઘરોમાંથી ઉપયોગ પૂર્વક ગોચરી વહોરી આવે.

પ્રભુના શાસનમાં આત્મ-સમાધિને મુખ્ય રાખવામાં આવી છે... જે જે કરવાનું છે તે એને ટકાવવા માટે કરવાનું છે... તેથી જ અપવાદ માર્ગ બતાવ્યો છે.... મુંબઇ જેવી નગરીઓમાં ત્રણ ત્રણ ચાર-ચાર દિવસ ક્યારેક મેઘરાજા વરસતા હોય છે ત્યારે આવા પ્રસંગોમાં શ્રાવકોએ યોગ્ય ઉપયોગ રાખવો પડે છે. વરસાદ વધારે હોય અથવા ઘરો દૂર હોય ત્યારે ટીફીનમાં ગોચરી લાવીને વહોરાવવાનો વ્યવહાર પણ હાલમાં પ્રચલીત છે.

યથાયોગ્ય સમયે... વિચારણા કરીને સર્વની સમાધિને લક્ષમાં રાખીને લેવાતો નિર્ણય શાસન માટે હિતકારક જ હોય છે.